સુવિચાર

બધે જ ગુણની પૂજા થાય છે, સંપત્તિની નહિં, પૂનમના ચંદ્ર કરતાં બીજનો ક્ષીણ ચંદ્ર જ વંદનીય ગણાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક


અશ્રુભીની આંખે રાજકોટના પનોતા પુત્રને આખરી વિદાય... P-4

Year-16, Issue-60 ■ DATE : 17-06-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં મેઘરાજાનું દે ધનાધન

**જુનાગઢ-ગીર સોમનાથ-રાજકોટ- મોરબી-સુરેન્દ્રનગર, બોટાદ જીલ્લામાં સાર્વત્રિક વરસાદઃ રેસ્કયુ માટે હેલીકોપ્ટરની મદદ લેવાઈ : તલગાજરડા-રાતોલમાં ૩૫ વિદ્યાર્થી, પીપાવાવ પોર્ટમાં ૨૪ તથા સાવરકુંડલા પંથકમાં ૬ ને બચાવાયા**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં હવે ધીમે-ધીમે ચોમાસુ જામતુ હોય તેવા માહોલ સાથે વરસાદ વરસી રહયો છે. ગઇકાલ સવારથી આજે સવાર સુધીમાં ભાવનગર, બોટાદ, અમરેલી જીલ્લામાં ચોમાસાની બોણીમાં જ મેઘરાજાએ સટાસટી બોલાવતા સર્વત્ર પાણી પાણી થઇ ગયુ છે. સૌથી વધુ વરસાદ બોટાદ જીલ્લાના ગઢડામાં ૧૫ ઇંચ બોટાદ શહેરમાં ૧૧ ઇંચ, ભાવનગરના શિહોર અને પાલીતાણામાં ૧૨ ઇંચ, અમરેલી જીલ્લાના સાવરકુંડલામાં ૧૦ ઇંચ, ભાવનગરના મહુવામાં ૯ ઇંચ, અમરેલીના રાજુલામાં ૮ ઇંચ, અમરેલી અને લીલીયામાં ૭ ચોટીલા-તળાજા-ગારીયાધાર-વિંછીયામાં ૬ ઇંચ વરસાદ પડયો છે. જયારે જસદણ, સાયલા, ટંકારા, ચુડા, થાનગઢ, મુળી, જુનાગઢમાં ૪ ઇંચ વરસાદ પડતા સર્વત્ર પાણી-પાણી થઇ ગયુ છે.

આજે જૂનાગઢ, ગીર સોમનાથ અને દીવમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, રાજકોટ, પોરબંદર, અમરેલી અને ભાવનગરમાં ભારે વરસાદ પડવાની શક્યતાને લઈને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. તો આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ડાંગ, તાપી, દ્વારકા અને જામનગરમાં મધ્યમ વરસાદ પડવાની શક્યતાને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગ દ્વારા ૨૦ જૂન સુધી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જ્યારે મધ્ય અને ઉત્તર ગુજરાતમાં હળવ-ાથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

ભારતમાં નૈઋત્ય ચોમાસાના વ્હેલા આગમન બાદ અધવચ્ચે અટવાઈ ગયા બાદ રવિવારથી ફરી સક્રીય શરૂ થયુ હતું. આગળ વધવા સાથે જ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના સાગરકાંઠાના ભાગોમાં પ્રવેશ કરી લીધો હતો અને તે સાથે જ સમગ્ર સૌરાષ્ટ્રમાં મેઘસવારી શરૂ થઈ હતી.

ભારે વરસાદના પગલે બોટાદના લાઠીદડમાં ઈકો કાર તણાઈ જતા છ લોકો લાપતા છે. જેમની શોધખોળ કરાઇ રહી છે. જ્યારે રાજુલાના ઉટિયા-રાજપરડા વચ્ચે અને બાબરાના કુંડળ ગામે બે અલગ-અલગ જગ્યાએ કાર તણાવાના બે બનાવમાં બે લોકોના મોત થયા છે. બીજી તરફ શેત્રુંજી ડેમ ઓવરફ્લો થવાની તૈયારીમાં છે.

ગઢડા તાલુકાના પીપળીયા ગામે વાડી વિસ્તાર ફરતે પાણી ભરાઇ જતા આઠ જેટલા લોકો ફસાયા છે. ઘટનાની જાણ થતાં ગઢડા મામલતદાર, ડિવાયએસપી રાવલ, ટીડીઓ અને પીએસઆઇ સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા અને રેસ્ક્યૂ કામગીરી હાથ ધરી છે.

સુરેન્દ્રનગરનો ધોળીધજા ડેમ ઓવરફ્લો થયો છે. ડેમ હાલ ૦.૦૫ ફૂટના લેવલથી ઓવરફ્લો થયો છે. જેને લઈને ભોગાવવા નદીમાં પાણી છોડાયુ છે અને અનેક નીચાણવાળા ગામડાઓને એલર્ટ કરાયા છે.

## અમદાવાદ પ્લેન ક્રેશની દુર્ઘટનામાં ૧૪૪ મૃતકોના DNA મેચ થયા



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદમાં પ્લેન ક્રેશની દુર્ઘટનાને પાંચ દિવસ વીતી ચૂક્યા છે. આજે છઠ્ઠા દિવસે મંગળવારે બપોરના વાગ્યા સુધીમાં સિવિલમાં ૧૪૪ મૃતકનાં સેમ્પલ મેચ થઈ ચૂક્યાં છે અને અન્ય સેમ્પલની પણ સતત કાર્યવાહી ચાલી રહી છે. જેમનાં સેમ્પલ મેચ થયાં છે એમાંથી ૧૦૧ મૃતદેહ તેમનાં પરિવારજનોને સોંપી દેવામાં આવ્યા છે. ૧૧ મૃતદેહ એવા છે, જેમના પરિવારમાં એક કરતાં વધુ લોકોનાં મોત થયાં હોય, અન્યના રિપોર્ટ બાદ મૃતદેહ સ્વીકારશે. સોમવારે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના પાર્થિવદેહને તેમનાં પરિવારજનોને સોંપવામાં આવ્યા બાદ મોડી સાંજે અંતિમવિધિ કરવામાં આવી હતી.

બપોરે ૧૨ વાગ્યા સુધી ૧૪૪ જેટલા ડીએનએ સેમ્પલ મૃતક સાથે મેચ થઈ ગયા છે અને હાલમાં મૃતદેહ આપવાની પ્રક્રિયા ચાલી રહી છે.૧૩૫ મેચ થયા અને ૧૦૧ મૃતદેહ સોંપાયા

અમદાવાદની સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. રાકેશ જોષીએ અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનાના છઠ્ઠા દિવસે સેમ્પલ મેચ અને મૃતદદેહ આપવાની કામગીરી અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ૧૦.૪૫ વાગ્યા સુધીમાં ૧૩૫ મેચ થયા છે. ૧૦૧ જેટલા મૃતદેહ અપાયા છે. જેમાં ૫ વ્યક્તિ સ્થાનિક વ્યક્તિઓ છે બાકીના પ્લેના મુસાફરો છે. ૧૨ પરિવારજનો મૃતદેહ થોડા કલાકોમાં લેવા માટે આવશે. જ્યારે ૧૭ પરિવારજનો વ્યક્તિ બીજા મૃતદેહની રાહ જોઈ રહ્યા છે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, સેમ્પલ લેવાની પ્રક્રિયા ચાલુ છે. જે પણ લોકો મિસિંગ છે. તેમના પરિવારજનો જો બ્લડ સેમ્પલ આપવા માટે આવશે. તેમના સેમ્પલ લેવા આવશે. બી.જે મેડિકલ કોલેજના ૪ ડોક્ટરો મૃત્યુ પામ્યા છે. સેમ્પલ પ્રક્રિયા ઘણી જટિલ છે પરંતુ અને બહુ ઝડપી કામગીરી કરી છે. સેમ્પલ ઘણા બધા મેચ કરવામાં આવતાં હોય છે. જો કે તંત્ર દ્વારા ખૂબ જ સારી અને ઝડપી પરિણામ આપી રહ્યું છે. પ્લેનમાં બચી ગયેલો એક મુસાફર વિશ્વાસની તબિયત અત્યારે સારી છે. ડોક્ટરો અત્યારે તેમની સારવાર કરી રહ્યા છે

અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનાના છઠ્ઠા દિવસે પણ મૃતદેહ સોંપવાની કામગીરી કરવામાં આવી રહી છે. વહેલી સવારથી વરસતા વરસાદની વચ્ચે મૃતદેહ લેવા માટે પરિવારજનો પહોંચી રહ્યાં છે.

## વડાપ્રધાન મોદી જી-૭ દેશોની શિખર પરિષદની બેઠકમાં ભાગ લેવા કેનેડા પહોંચ્યા

**મુખ્ય સમાચાર, ઓટ્ટાવો**

જી-૭ દેશોની શિખર પરિષદની બેઠકમાં ભાગ લેવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે કેનેડા પહોંચી ગયા છે. જી-૭ દેશની બે દિવસની બેઠક ગઈકાલે ચાલુ થઈ હતી. મોદી અહી અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સહિતના નેતાઓને મળશે.

મોદી કેનેડાના અબ્બટા પ્રાંતના કેલગરી પહોંચ્યા હતા ત્યારે અહી કેનેડાના પ્રોટોકોલ મંત્રી તથા ભારતીય દૂતાવાસના ઉચ્ચ અધિકારીઓએ વડાપ્રધાનનું સ્વાગત કર્યુ હતું. શ્રી મોદીની કેનેડાની પ્રથમ મુલાકાત છે.



બન્ને દેશોના સંબંધ જે રીતે ખૂબજ વણસી ગયા છે તે વચ્ચે શ્રી મોદી અને કેનેડાના હાલમાંજ ચુંટાયેલા વડાપ્રધાન કાર્ની વચ્ચેની બેઠક મહત્વની બની રહેશે. ખાસ કરીને કેનેડા જે રીતે ખાલીસ્તાની ત્રાસવાદીઓને પ્રોત્સાહન આપી રહ્યું છે.

તે જોતા અને નિજ્જર હત્યામાં ભારતની સંડોવણીનો કેનેડાનો આરોપ ફગાવ્યા છે અને તે મુદે પણ બન્ને દેશો વચ્ચેનો તનાવ વધ્યો છે. મોદી આજે અને કાલે કેનેડામાં રોકાશે.

## ઓનલાઇન દવા પહોંચાડવાની સુવિધા આપનાર ઈ-ફાર્મસી પ્લેટફોર્મ સામે સરકારની લાલ આંખ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

માત્ર ૧૦થી૬૦ મિનિટમાં ઓનલાઈન દવા પહોંચાડવાની સુવિધા આપનાર ઈ-ફાર્મસી પ્લેટફોર્મ પર હવે સરકારની સખ્ત નજરે છે. સરકાર તેને તપાસના ક્ષેત્રમાં લઈ જઈ રહી છે અને તેના પર અંકુશ માટે નવો કાનૂન લાવવાની તૈયારીમાં છે.

ખરેખર તો સરકારને સતત એ બાબતની ફરિયાદો મળી રહી છે કે ઓનલાઈન પ્લેટફોર્મ માત્ર ડોકટરની ચિઠ્ઠીને એ દવાઓ માટે આંખ આડા કાન નથી કરી રહી, જેના માટે જરૂરી છે, બલકે સુરક્ષા સાથે જોડાયેલા અન્ય નિયમો ન માનવાના પણ આરોપ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના એક અધિકારી મુજબ, ઈ-ફાર્મસી પ્લેટફોર્મના બાબતે ફરિયાદો હવે એ સ્તરે પહોંચી ચુકી છે કે હજુ પણ જો કાર્યવાહી ન કરવામાં આવી તો આગળ દર્દીઓની સુરક્ષા સાથે ચેડા થઈ શકે છે.

એક અહેવાલ મુજબ ઓનલાઈન દવા



મંગાવનારા લોકોમાં સતત વધારો થઈ રહ્યો છે અને તેની સાથે આ સેવામાં તમામ નવી કંપનીઓ પગલા લઈ રહી છે. હાલ આ વર્ષ ફોન પે અને પીનકોડએ બેંગલુરુ, પુણે, મુંબઈ જેવા શહેરોમાં ૧૦ મિનિટમાં દવા પહોંચાડવાની સેવા શરૂ કરી છે. દવા ઈન્ડિયા પણ પૂણેમાં ૬૦ મીનીટમાં ડિલીવરી આપી રહી છે.

ટાટા ૧ એમજી, ફાર્મસી અને નેટમેડસ જેવી મોટી કંપનીઓ તો અગાઉથી જ આ બજારમાં છે. સરકારને એવી ફરિયાદો મળી છે કે તેમના ડાર્ક સ્ટોર્સમાં સફાઈ વગેરેની કમી છે. તેના પહેલા ફુડ ડિલીવરીના ડાર્ક સ્ટોર્સમાં પણ અનેક ખામીઓ બહાર આવી હતી.

કાયદામાં ફેરફારની જરૂરત કેમ? સૂત્રોનું કહેવું છે કે હજુ ભારતમાં ઈ-ફાર્મસી માટે કોઈ સ્પષ્ટ કાયદો નથી. જૂનો કાયદો ડ્રગ્સ એન્ડ કોસ્મેટિકસ એકટમાં દવાઓના બારામાં સ્પષ્ટ દિશા-નિર્દેશ નથી.

આ સ્થિતિમાં સરકાર આવી કંપનીઓ પર કાર્યવાહી કરવામાં ખુદને મજબૂર સમજી રહી છે. હવે નવો કાયદો આધુનિક ઈ-ફાર્મસીને કવર કરશે. ભારતમાં કુલ રિટેલ ફાર્મસીનું માર્કેટ ૨.૪ લાખ કરોડ રૂપિયાનું છે. જેમાં ૮૫ ટકા ભાગ અનઓર્ગેનાઈઝડ સેકટર પાસે છે.

## ઈઝરાયલ-ઈરાન વચ્ચે યુધ્ધ લાંબું ચાલશે તો તેની ભારત પર મોટી અસરો પડશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે પાંચ દિવસના ભયંકર યુદ્ધ પછી પણ પરિસ્થિતિમાં સુધારો થવાના કોઈ સંકેત નથી. હવે તેની સીધી અસર લોકોના ખિસ્સા પર થવા લાગી છે. ઈઝરાયલનું ઓપરેશન રાઈઝિંગ લાયન ઈરાનના પરમાણુ કાર્યક્રમ સામે ૧૨ જૂને શરૂ કરવામાં આવ્યું હતું. તેમાં ઈરાનના ટોચના પરમાણુ વૈજ્ઞાનિકો અને પ્લાન્ટ્સને નિશાન બનાવવામાં આવ્યા હતા. ચાલો જાણીએ કે ભારત પર યુદ્ધની પાંચ મોટી અસરો શું હશે.

ભારત વિશ્વના એવા થોડા દેશોમાંનો એક છે જેના ઈઝરાયલ અને ઈરાન બંને સાથે સારા સંબંધો છે. ભારત ઈરાનના ક્રૂડ ઓઈલનો મોટો ખરીદદાર છે. ઈરાન ભારતને ક્રૂડ ઓઈલ પર સારી છૂટ પણ આપે છે. આવી સ્થિતિમાં, જો ક્રૂડ ઓઈલનું ઉત્પાદન ઘટે છે અથવા પુરવઠો પ્રભાવિત થાય છે, તો આ આયાત ભારત માટે મોંઘી થઈ જશે અને પેટ્રોલ અને ડીઝલના ભાવ વધશે.



જો ઈરાન તેના પરમાણુ શષા કાર્યક્રમથી પાછળ નહીં હટે, તો અમેરિકા તેના પર નવા આર્થિક પ્રતિબંધો લાદી શકે છે. તેલ ઉપરાંત, ભારત ઈરાનથી સૂકા ફળોની પણ આયાત કરે છે. તે જ સમયે, તે બાસમતી ચોખા, ખાંડ, ચા અને કોફી જેવી વસ્તુઓની નિકાસ કરે છે. ભારતની ઘણી મોટી કંપનીઓ ઈરાનમાં માળખાગત સુવિધાઓના નિર્માણમાં રોકાયેલી છે. આર્થિક પ્રતિબંધો પછી આવું કરવું મુશ્કેલ બનશે.

ભારતે ઈરાન કે ઈઝરાયલ સાથે યુદ્ધ તરફ કોઈ વલણ દર્શાવ્યું નથી. ભારત ઈચ્છશે નહીં કે સાઉદી અરેબિયા, યુએઈ તેમજ ઈરાન જેવા મોટા ઈસ્લામિક દેશો સાથે તેના સંબંધો મધ્ય પૂર્વમાં બગડે. ઈઝરાયલ ભારત માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. ઈરાન એવા થોડા મોટા ઈસ્લામિક દેશોમાંનો એક છે જે આતંકવાદ પર ભારતની પીડાને સમજે છે. ઈરાન પોતે પાકિસ્તાન દ્વારા પ્રાયોજિત આતંકવાદનો સામનો કરી રહ્યું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના તાજેતરના લશ્કરી સંઘર્ષ દરમિયાન, ઈરાને ખૂબ જ સમજદારીપૂર્વક કામ કર્યું. તે ઈસ્લામના નામે પાકિસ્તાનની જાળમાં ફસાઈ ગયો નહીં અને તટસ્થ વલણ અપનાવ્યું. પીએમ શાહબાઝ શરીફ પોતે તેહરાન ગયા અને આયતુલ્લાહ અલી ખામેનીને મળ્યા, પરંતુ તેમણે ઈસ્લામિક કાર્ડના નામે ભારતને ગુસ્સે કરવાનું જોખમ લીધું નહીં.

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે મિસાઈલોના વરસાદ વચ્ચે, જોર્ડન, ઈરાક, સીરિયા સહિત ઘણા દેશોએ તેમના હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધા છે. આના કારણે, એરલાઈન્સે મધ્ય પૂર્વના આકાશની બહાર લાંબા ચકરાવો લઈને તેમના વિમાનો ઉડાવવા પડે છે. આનાથી ઈંધણનો વપરાશ વધી રહ્યો છે અને એરલાઈન્સનો ખર્ચ વધવાની સાથે ટિકિટના ભાવ પણ વધી રહ્યા છે. ફ્?લાઈટરેડાર ૨૪ કહે છે કે કોઈ પણ પેસેન્જર વિમાન ઈરાનના હવાઈ ક્ષેત્રમાંથી પસાર થઈ રહ્યું નથી. જ્યારે યુરોપથી એશિયા જતા ઘણા વિમાનો પહેલા અહીંથી પસાર થતા હતા. આના કારણે, ફલાઈટ્સનો વધતો સમય, વિલંબ અને તેલના વધતા ભાવ ભારતની એરલાઇન કંપનીઓને પણ અસર કરી રહ્યા છે.

## ડ્રોનાલ્ડ ટ્રમ્પે તહેરાન ખાલી કરી દેવા આપી ચેતવણી

**મુખ્ય સમાચાર, તહેરાન**

મધ્યપુર્વમાં પાંચ દિવસથી ઈઝરાયેલ-ઈરાન વચ્ચે ભડકેલા યુદ્ધમાં કોઈ સમાધાન નથી અને વધુ ભડકી રહ્યું છે ત્યારે એક ગંભીર વળાંક અંતર્ગત અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લોકોને તહેરાન ખાલી કરી દેવાની ચેતવણી આપી છે.

એટલુ જ નહીં જી-૭ દેશોની બેઠક છોડીને પરત ફરી ગયા છે. આ સંજોગોમાં અમેરિકા યુદ્ધમાં ઝંપલાવે છે કે યુદ્ધવિરામ માટેના નિર્ણાયક પ્રયત્નો કરે છે તેના પર મીટ માંડવામાં આવી રહી છે.

ઈઝરાયેલ-ઈરાન વચ્ચેનો જંગ પાંચમા દિવસમાં પ્રવેશ્યો છે. ઈઝરાયેલ હજુ ઈરાનના અણુ કાર્યક્રમનો ધ્વંશ કરી શકયુ નથી. બન્ને દેશો દ્વારા સામસામા હુમલા ચાલુ જ રહ્યા છે. આજે વ્હેલી સવારે ઈઝરાયેલે ઈરાનના મહત્વના સ્થાનોને નિશાન બનાવીને હુમલા કર્યા હતા. ગઈરાત્રે ઈરાની મિસાઈલો ત્રાટકયા હોય તેમ તેલઅવિવમાં સાઈરનો ગુંજતા રહ્યા હતા.

મધ્યપુર્વના આ ઘર્ષણમાં હવે નિર્ણાયક વળાંક આવવાનો હોય તેમ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મહત્વનુ વિધાન કર્યુ છે. જી-૭ દેશોની સમીટમાં ભાગ લેવા ગયેલા ડોનાલ્ડ ટ્રમ્પે બેઠક અધવચ્ચેથી છોડીને પરત ફરવાનું જાહેર કર્યુ છે એટલુ જ નહીં ઈરાની નાગરિકોને પાટનગર તહેરાન છોડી દેવાની ધમકી આપી છે.

આ ચેતવણીનો અર્થ ઈરાન પર હવે અમેરિકા ત્રાટકશે તેવો કાઢવામાં આવી રહ્યો છે. સંઘર્ષવિરામના પ્રયાસો તેજ કરવાની પણ કોશિશ કરવામાં આવી રહી છે.

અમેરિકી વ્હાઈટ હાઉસના અધિકારીએ જણાવ્યું હતું કે જી-૭ દેશો દ્વારા ઈઝરાયેલ-ઈરાન વચ્ચેનુ યુદ્ધ રોકવા તથા તણાવ ઘટાડવા માટે થનારા પ્રસ્તાવમાં પણ સહી નહીં કરવાનો પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નિર્ણય લીધો છે. તેના આધારે ટ્રમ્પ તથા સાથી રાષ્ટ્રો વચ્ચે મતભેદ હોવાની સાબીતી મળવા લાગી છે.

અમેરિકી પ્રમુખ ટ્રમ્પે ટ્રુથ સોશ્યલ મીડીયા પર જણાવ્યું હતું કે ઈરાને અણુ કરાર કરી લેવાની જરૂર હતી. માનવ જીંદગીઓનો ભોગ લેવાય રહ્યો છે. ઈરાને અણુશસ્ત્રો રાખવાની જરૂર નથી અને આ વાત હું વારંવાર કરી રહ્યું છે. તમામ લોકો તાત્કાલીન તહેરાન છોડી દયે.

## એર ઈન્ડિયાને ગ્રહણ લાગ્યુંઃ સાન ફ્રાન્સીસ્કોથી મુંબઈ આવતી ફલાઈટમાં ટેકનિકલ ખરાબી આવતા કોલકાતામાં યાત્રીઓને ઉતારાયા



**મુખ્ય સમાચાર, કોલકતા**

અમેરિકાના સાન ફ્રાન્સીસ્કોથી કોલકતા થઈને મુંબઈ આવતી એર ઈન્ડિયાની ફલાઈટમાં મંગળવારે સવારે ટેકનીકલ ખામી આવી હતી. યાત્રીઓને કોલકાતાના નેતાજી સુભાષચંદ્ર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતારવા પડયા હતા. ફલાઈટના ડાબા એન્જીનમાં ટેકનીકલ ખરાબી આવી ગઈ હતી. આ કારણે કોલકાતાથી મુંબઈ ઉડાન ભરવામાં મોડું થયું હતું.

વિમાનમાંથી બધા યાત્રીઓને ઉતરવાનું કહેવામાં આવ્યું હતું. વિમાનના કેપ્ટને યાત્રીઓને જણાવ્યું હતું કે ઉડાનની સુરક્ષાની દ્રષ્ટિએ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે એર ઈન્ડિયાની ફલાઈટ એઆઈ-૧૮૦ નિર્ધારિત સમયે સાન ફ્રાન્સીસ્કો એરપોર્ટથી રવાના થઈ હતી, જો કે કોલકતા એરપોર્ટ પર મધરાતે ૧૨.૪૫ વાગ્યે પહોંચવા પર તેના ડાબા એન્જીનમાં ખરાબી આવી ગઈ હતી. આથી બધા યાત્રીઓને ઉતારવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં અમદાવાદમાં લંડન જતી એર ઈન્ડિયાની ફલાઈટ ક્રેશ થતા ૨૭૦થી વધુ લોકોના મોત થયા હતા. આ ઉપરાંત તાજેતરમાં હોંગકોંગથી દિલ્હી જઈ રહેલી એર ઈન્ડિયાની ફલાઈટ એઆઈ ૩૧૫ને ઉડાન દરમિયાન ટેકનીકલ સમસ્યાની શંકાએ પરત દિલ્હી ફરવું પડયું હતું.

આ ઉપરાંત રવિવારે લંડનના હિથ્રો એરપોર્ટથી ચેન્નાઈ (ભારત) જવા રવાના થયેલ બ્રિટીશ એરવેઝની ઉડાન બીએ૩૫ને ઉડાન ભર્યાની કેટલીક મીનીટો બાદ ટેકનીકલ ખામી અનુભવાઈ હતી. તો બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર બપોરે ૧.૧૬ વાગ્યે (બ્રિટીશ સમય મુજબ) ૩૬ મીનીટ મોડુ ઉડયું હતું.

લગભગ ૧૫ હજાર ફુટની ઉંચાઈ પર પાયલોટો ફલેપ સિસ્ટમમાં ગરબડના સંકેત મળતા વિમાનને ડોવરની ખડી ઉપર હોલ્ડીંગ પેટર્નમાં અનેક ચકકર લગાવવા પડયા હતા.

આ દરમિયાન વિમાન લગભગ ૧૨ હજાર ફુટ પર રહ્યું અને સુરક્ષિત લેન્ડીંગ માટે વધારાનું ઈંધણ હવામાંજ ફેંકી દીધું, જેથી વજન ઓછું થઈ શકે, લગભગ એક કલાક ૪૫ મીનીટ બાદ હીથ્રોના રનવે પર સુરક્ષિત લેન્ડીંગ કરાવી, બધા યાત્રીઓ ક્રુને સુરક્ષિત ઉતારાયા હતા.

# જામનગરમાં ઉદ્યોગકારો પાસે ૪૦ કરોડનો ટેક્સ બાકી નિકળતા મનપાએ કરી કડક કાર્યવાહી




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની મિલકત વેરા શાખા આજે જીઆઇડીસી ફેઇઝ-૨ અને-૩ વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત સાથે ત્રાટકી છે. ૪૦૦ જેટલા ઉદ્યોગકરોનો કુલ ૪૦ કરોડ જેટલો પ્રોપર્ટી ટેક્સ વસૂલવાનો બાકી હોવાથી કડક વસૂલાતની કામગીરીનો પ્રારંભ થયો છે. ઉદ્યોગકારો દ્વારા હાઇકોર્ટમાં કરાયેલી રીટ પિટિશન ડિસમિસ થયા પછી મનપાની ટેક્સ બ્રાન્ચે વેરા વસુલાતની શરૂઆત કરી છે.જામનગર મહાનગરપાલિકાની મિલકત વેરા શાખાની આજે મોટી ટુકડી દરેડ જીઆઇડીસી ફેસ -૨ અને -૩ વિસ્તારમાં ત્રાટકી હતી, અને આશરે ૪૦૦ જેટલા ઉદ્યોગકારોનો બાકી રોકાતો ૪ કરોડ જેટલો પ્રોપર્ટી ટેક્સ ભરપાઈ કરવા માટેની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જેને લઈને ઉદ્યોગકારોમાં ભારે ફફડાટ મચી ગયો હતો. પોલીસ તંત્રને સાથે રાખીને વસુલાતની કામગીરી શરૂ કરવામાં આવી છે.કેટલાક ઉદ્યોગકારો દ્વારા તાત્કાલિક અસરથી સ્થળ પર જ ચૂકવણાં શરૂ કરી દેવાયા છે, માત્ર ૩ ઉદ્યોગકારો પાસેથી ૫૮ લાખની સ્થળ પર વસુલાતની કામગીરી હાથ ધરી લેવાઇ છે. અન્યથા જરૂર પડયે મિલકત જપ્તીની પ્રક્રિયાઓ હાથ ધરી લેવાશે.ઉલ્લેખનિય છે કે, જામનગર મહાનગરપાલિકા અને જી.આઈ.ડી.સી. પ્લોટ એન્ડ સેડ હોલ્ડર એસોસિએશન કે જે બંને વચ્ચે અગાઉ ઓગસ્ટ ૨૦૨૩ ની સાલમાં એમ.ઓ.યુ. થયું હતું, અને ઉદ્યોગકારો દ્વારા ટેક્સની રકમ મહાનગરપાલિકાને ચૂકવવામાં આવશે જેમાંથી ૨૫ ટકા રકમ મહાનગરપાલિકા રાખશે, જયારે બાકીની ૭૫ ટકા રકમ ઉદ્યોગ નગર વિસ્તારમાં જ જરૂરી વિકાસના કામોમાં વાપરી નાખવામાં આવશે. જે એમ.ઓ.યૂ. નો મોટાભાગના કારખાનેદારોએ સ્વીકાર કર્યો હતો, પરંતુ ૪૦૦ જેટલા ઉદ્યોગકારો કે જે સૌપ્રથમ જામનગરની અદાલત અને ત્યારબાદ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પહોંચ્યા હતા, અને પિટિશન દાખલ કરી હતી. જેમાં બંને પક્ષની લંબાણપૂર્વકની દલીલો પછી થોડા સમય પહેલા જ ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઉદ્યોગકારોની રીટ પિટિશન ડિસમિસ કરી નાખી હતી. જેથી મહાનગરપાલિકા માટેનો પ્રોપર્ટી ટેક્સ વસૂલવાનો માર્ગ મોકળો બન્યો હતો.જે બાકી રોકાતી રકમ મેળવવા માટે મહાનગર પાલિકા દ્વારા તમામ ઉદ્યોગકારોને અંતિમ નોટિસ પાઠવી દીધી હતી. ત્યારબાદ પણ ટેક્સ રીકવરીના વાહનો જે શહેરી વિસ્તારમાં ફરે છે, તેને પણ ઉદ્યોગ વિસ્તારમાં મોકલીને ટેક્સ વસુલાત માટે અંતિમ તક આપી હતી. પરંતુ તે વસૂલાતમાં પણ ઉપરોકત ૪૦૦ જેટલા ઉદ્યોગ રસ દાખવ્યો ન હતો અને મહાનગરપાલિકાને ફૂલ મળીને અંદાજે ૪૦ કરોડ જેટલી ટેક્સની રકમ રિકવરી કરવાની બાકી રહે છે. જેની કડક વસુલાતની કાર્યવાહીના ભાગરૂપે તેમજ જો ટેક્સ ભર પાઇ ના કરે, તો મિલકત જપ્તી સહિતની પ્રક્રિયાઓ હાથ કરવા માટે જામનગર મહાનગરપાલિકા દ્વારા આજે પ્રક્રિયાઓ શરૂ કરી દેવામાં આવી હતી.મ્યુનિ કમિશનર ડી.એન.મોદીના સીધા માર્ગદર્શન હેઠળ ટેક્સ વિભાગના અધિકારી જીગ્નેશ નિર્મળ અને તેઓની સમગ્ર ટેક્સ બ્રાન્ચની ટુકડી તથા સિક્યુરિટી વિભાગ અને સ્થાનિક પોલીસ તંત્રને સાથે રાખીને આજે સામુહિક રીતે વસુલાત શરૂ કરવામાં આવી હતી. તેને લઈને ઉદ્યોગકારોમાં ફફડાટ મચી ગયો હતો.સૌપ્રથમ જેની પાસે મોટી રિકવરી કરવાની રહે છે તે ઉદ્યોગકારો પાસે વસુલાત માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, અને ધીમે ધીમે ઉદ્યોગકારો દ્વારા સ્થળ પર ચુકવણૂ શરૂ કરી દેવાયું હતું, અને જો પ્રોપર્ટી ટેક્સ ભરવામાં હજુ પણ આનાકાની કરાશે? તો તેઓની મિલકત ની જપ્તીકરણની પણ પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી રહી છે.સૌપ્રથમ જેની પાસે મોટી રિકવરી કરવાની રહે છે તે ઉદ્યોગકારો પાસે વસુલાત માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, અને ધીમે ધીમે ઉદ્યોગકારો દ્વારા સ્થળ પર ચુકવણૂ શરૂ કરી દેવાયું હતું, અને જો પ્રોપર્ટી ટેક્સ ભરવામાં હજુ પણ આનાકાની કરાશે? તો તેઓની મિલકત ની જપ્તીકરણની પણ પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી રહી છે.ચમત્કાર વિના નહિ નમસ્કાર

પાંચ જ મિનિટમાં માત્ર ત્રણ ઉદ્યોગકારોએ ભર્યા ૫૮ લાખ.દરેડ જીઆઇડીસી વિસ્તારમાં બાકી રોકાતી પ્રોપર્ટી ટેકસની રકમની રિકવરી માટે ગયેલી ટેક્સ વિભાગની ટીમને માત્ર ત્રણ ઉદ્યોગકારોએ જ પાંચ મિનિટના સમયગાળા દરમિયાન મસ મોટી રકમ જમા કરાવી છે.જામનગર મહાનગરપાલિકાની ટેક્સ વિભાગની ટુકડીએ આજે પોલીસ તંત્રને સાથે રાખીને વેરા વસુલાતની કડક ઝુંબેશ શરૂ કરી હતી, જેમાં આખરે ઉદ્યોગકારોમાં હડકંપ મચી ગયો હતો, અને બે ઉદ્યોગકાર કે જેની અંદાજે ૫૦ લાખ જેવી રકમ ચૂકવવાની બાકી હતી, જેની સ્થળ પર વસુલાત કરી લેવામાં આવી છે, ત્યારે એક આસામીની ૮ લાખની રકમ સ્થળ પર જ.મહાનગરપાલિકા સમક્ષ જમા કરાવી દેવામાં આવી છે, અને આખરે ઉદ્યોગકારો ધીમે ધીમે ટેક્સ ભરતા થયા છે.

# ફાયનાન્સ કંપની પાસેથી લોન પર ટ્રક ખરીદી છેતરપિંડી આચરના આરોપી સુત્રાપાડામાંથી ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ટ્રકો ફાઇનાન્સ કંપનીમાંથી લોન પર લઇ છેતરપીંડી કરવાના ચકચારી ગુનાની ટોળકીના નાસતા ફરતા આરોપીને સુત્રાપાડા ખાતેથી પકડી પાડતી.જામનગર પેરોલ ફર્લો સ્કોડ પોલીસ મહાનિરીક્ષક અશોક કુમાર યાદવ રાજકોટ વિભાગ.રાજકોટનાઓ દ્વારા નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા અંગે સુચના આપવામાં આવેલ હોય જેથી જામનગર જીલ્લાના પોલીસ વડા પ્રેમસુખ ડેલુએ નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સુચના આપેલ હોય જેથી એલ.સી.બી.ના પોલીસ. ઇન્સસેક્ટર વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ એસ્કોન્ડર પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સબ ઇન્સપેક્ટર એમ.વી.ભાટીયા તથા સ્ટાફના માણસો નાસતા ફરતા ગુનેગારોને શોધી કાઢવા જરૂરી વર્કઆઉટ કરી રહેલ હતા.દરમ્યાન સ્ટાફના ગજેન્દ્રસિંહ જાડેજા, સુરેશભાઇ ડાંગર, દિલીપસિંહ



જાડેજા, કરણસિંહ જાડેજા, ને મળેલ બાતમી હકિકત મુજબ જામનગર સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૨૦૨૦૦૯૨૪૧૬૭૭/૨૦૨૪ આઇ.પી.સી કલમ -૧૨૦(બી), ૩૮૪, ૩૮૫, ૩૮૬, ૪૦૬, ૪૧૧, ૪૧૩, ૪૧૪, ૪૨૦, ૪૨૨, ૫૦૬(૨) મુજબ જામનગરમાં કરોડોની કિંમતના ટ્રકો ફાઇનાન્સ કંપનીમાંથી લોન પર લઇ હપ્તા ન ભરી છેંતરપીંડી કરવા અંગે જામનગર સીટી.બી.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ઉપરોકત વિગતે દાખલ થયેલ ગુન્હામાં ફરારી નાસતા-ફરતા આરોપી રાહુલ સન.ઓફ પરબતભાઇ રાજશીભાઇ વાંઝા કોળી ઉ.વ.૩૨ ધંધો-ટ્રક ડ્રાઇવર રહે.સોલંકી શેરી સુત્રાપાડા ગામ તા.સુત્રાપાડા જી.ગીરસોમનાથ વાળાની તપાસ કરતા આરોપીને સુત્રાપાડા ગામ તા.સુત્રાપાડા જી.ગીરસોમનાથ ખાતેથી પકડી પાડી આગળની ઘટીત કાર્યવાહી થવા સારૂ સીટી બી ડીવી. પોલીસ સ્ટેશન સોંપી મોકલી આપેલ છે.આ કામગીરી એસ્કોન્ડર.પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સબ ઇન્સપેક્ટર. એમ.વી.ભાટીયા તથા એ.એસ.આઇ. ગોવિંદભાઇ ભરવાડ, કરણસિંહ જાડેજા, ગજેન્દ્રસિંહ જાડેજા, સલીમભાઇ નોયડા, સુરેશભાઇ ડાંગર, ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા મહિપાલભાઇ સાદિયા, હાર્દિકભાઇ ભટ્ટ, તથા પો.કોન્સ. દિલીપસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા તથા એલ.સી.બી.ના હેડ કોન્સ.નિર્મળસિંહ જાડેજા તથા પો.કોન્સ.બળવતસિંહ પરમાર નાઓ દ્વારા કરવામાં આવેલ છે.

# કડી તથા વિસાવદર વિધાનસભા મતવિસ્તારમાં આજ સાંજે ૫ વાગ્યાથી ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુક્ત, ન્યાયી અને પારદર્શી ચૂંટણીઓ યોજવા ભારતનું ચૂંટણી પંચ અને રાજ્યનું ચૂંટણી તંત્ર પ્રતિબદ્ધ છે ત્યારે તા. ૧૯ જૂન ૨૦૨૫ના રોજ યોજાનાર ૨૪-કડી (અ.જા.) તથા ૮૭-વિસાવદર વિધાનસભાની પેટાચૂંટણી સંદર્ભે ભારતના ચૂંટણી પંચની સૂચનાઓ અને માર્ગદર્શિકાઓનું સુચારૂ પાલન થાય તે માટેની તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. મતદાનની પ્રક્રિયા મતદારો માટે સુખદ અનુભવ બની રહે તે માટે ગુજરાતનું ચૂંટણી તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૨૬ અંતર્ગત ૨૪-કડી (અ.જા.) તથા ૮૭-વિસાવદર વિધાનસભા મતવિસ્તારમાં તા. ૧૭ જૂન, ૨૦૨૫ ના રોજ સાંજે ૫ કલાકથી એટલે કે મતદાન પૂર્ણ થવાના કલાક પૂર્વેના છેલ્લા ૪૮ કલાક દરમિયાન ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ રહેશે. જે તે મત વિભાગના મતદાર ન હોય તેવા અને મત વિભાગમાં પ્રચાર અર્થે બહારથી આવેલા કોઈ પણ પક્ષના રાજકીય કાર્યકર્તા, પક્ષના પ્રચારક વગેરે ચૂંટણી પ્રચારનો અંત આવતાં જે તે મત વિભાગ છોડીને જતા રહે તેની ચૂંટણી તંત્ર તથા પોલીસ વહીવટી તંત્ર દ્વારા ખાતરી કરવામાં આવશે. આ સમયગાળામાં પ્રચાર-પ્રસાર પર પ્રતિબંધ ઉપરાંત કલ્યાણ મંડપો, સામુદાયિક હૉલ, સમાજની વાડીઓ વગેરે મકાનની હદમાં, હૉસ્ટેલ્સ તથા ધર્મશાળાઓમાં બંને મતવિસ્તાર સિવાયની બહારની વ્યક્તિઓ ન રહે તે સુનિશ્ચિત કરવામાં આવશે.

# જસદણના કથાકાર મહેશ વ્યાસનું બાઈક સ્લીપ થઈ જતાં નિધન

**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણના આટકોટરોડ પર આવેલ શિવશક્તિ સોસાયટીમાં રહેણાક ધરાવતાં સેવાભાવી મહેશભાઈ માનવંતરાય યાસ (ઉ.વ.૬૦) ગત રાત્રિના વાકિયા ગામેથી જસદણ પોતાના બાઈક પર પરત ફરી રહ્યા હતા. ત્યારે અચાનક કલોરાણા ગામના પાટિયા પાસે બાઈક સ્લિપ થઈ જતાં ઘટના સ્થળે જ તેમનું મોત નિપજ્યું હતું.આ અંગે કોઈએ ૧૦૮ને જાણ કરતાં સરકારી હોસ્પિટલમાં કાળો કલ્પાત



સર્જાયો હતો મૃતક મહેશભાઈ શિક્ષક હતાં તેઓ એક સારા કથાકાર હોવાથી તેઓ ભારે લોકપ્રિયતા મેળવી હતી તેમનાં નિધનથી જસદણમાં શોકની કાલિમા સર્જાઈ હતી.

# અમદાવાદમાં બનેલી પ્લેન ક્રેશ દુર્ઘટનામાં ગીરગઢડાના જરગલી ગામના યુવાનનું દુઃખદ અવસાન થતા સમગ્ર પંથકમાં શોકની લાગણી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

અમદાવાદમાં બનેલી પ્લેન ક્રેશ દુર્ઘટનામાં ગીરગઢડા તાલુકાના જરગલી ગામના યુવાન નીલ અરવિંદભાઈ ખુંટનું દુઃખદ અવસાન થતા સમગ્ર પંથકમાં શોકની લાગણી અનુભવી છે સ્વ.નીલ અરવિંદભાઈ ખુંટના પાર્થિવ દેહને વતન જરગલી મુકામે લાવતા જુનાગઢના સાંસદ સભ્યશ્રી રાજેશભાઈ ચુડાસમા તેમજ ઉનાના ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ અને જીલ્લા ભાજપ પ્રમુખશ્રી ડો. સંજયભાઈ પરમાર*એ સ્વ. નીલ અરવિંદભાઈ ખુંટના પાર્થિવ દેહને પુષ્પાંજલિ અર્પણ કરી અને પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. જીલ્લા પંચાયત કારોબારી



સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોન્ધરા, તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ રાખોલીયા, તાલુકા ભાજપ મહામંત્રી કે.સી.રાજપુત સહિતના આગેવાનોએ પણ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# મોરબીના જોધપર નદી ગામે શ્વાને ચાર વર્ષની બાળકી પર કર્યો હુમલો

## બાળકીને ગંભીર હાલતમાં રાજકોટ ખસેડાઇઃ રખડતા ઢોર બાદ હવે શ્વાનનો ખૌફ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના જોધપર નદી ગામે શ્વાનનો આતંક સામે આવ્યો છે. ચાર વર્ષની રોશની નામની બાળકી પર શ્વાન તૂટી પડયું હતું.જેને કારણે બાળકીને માથામાં અને આંખમાં ગંભીર ઈજા થવા પામી હતી.જે બાળકોને પ્રથમ મોરબી સરકારી અને ત્યાર બાદ રાજકોટ સારવાર માટે ખસેડવામાં આવી છે.



મોરબી પંથકમાં ફરી એક વખત રખડતાં શ્વાનનો આતંક સામે આવ્યો છે. મોરબીમાં શ્વાનએ બાળકી પર હુમલો કર્યો છે. જોધપર નદી ગામે બાળકી પર શ્વાન તૂટી પડયું હતું. શેરીમાં રમતી ચાર વર્ષીય બાળકી પર શ્વાન તૂટી પડતા માથામાં અને આંખના ભાગે ગંભીર ઇજા થવા પામી હતી.જે બાળકીને પ્રથમ મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવાઈ હતી જ્યાં તેને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.બાળકીના માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હોવાથી તેને વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવી છે.

અત્યાર સુધી રખડતા ઢોર રોડ રસ્તે યુદ્ધ કરાતા હતા જેને કારણે અનેક વાહનચાલકો અકસ્માતનો

ભોગ બન્યા છે ત્યારે હાઈ દિવસે ને દિવસે શ્વાનો નો આતંક વધતો જાય છે તો હવે તંત્ર સંવેદનશીલતા દાખવે તો લોકો ડર્યા વગર ઘર બહાર નીકળી શકે આ શ્વાનો ને કારણે હવે તો બાળકોને પણ રમવા માટે ઘર બહાર જવા દેવામાં વાલીઓ ડર અનુભવી રહ્યા છે.

# આજીડેમ પાસેથી એક અને મોટી ટાંકી પાસેથી બે રાજસ્થાની શખ્સો દારૂ સાથે ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પીસીબી, ક્રાઈમ બ્રાંચે બે દરોડા પાડી દારૂના જથ્થા સાથે સ્થાનિક અને રાજસ્થાનના શખ્સોને દબોચી લીધા છે. આ દરોડા આજીડેમ ચોકડી પાસે અને મોટી ટાંકી ચોકમાં પાડવામાં આવ્યા હતાં.

પીસીબીની ટીમે દરોડો પાડી દારૂનો જથ્થો ભરેલી રિક્ષા સાથે એક શખ્સને પકડી લીધો હતો. જ્યારે બીજા દરોડામાં ક્રાઈમ બ્રાંચની ટીમે મોટી ટાંકી ચોકમાંથી બે રાજસ્થાની શખ્સોને ૪૪,૮૦૦ના દારૂ સાથે પકડી લીધો હતો. શહેરના આજીડેમ ચોકડી વિસ્તારમાંથી પીસીબીની ટીમે દારૂ ભરેલી રિક્ષા સાથે ભવાની ચોકમાં રહેતા શખ્સને ઝડપી દારૂ-રિક્ષા મળી રૂ.૧.૮૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ શખ્સે પુછપરછમાં દુધસાગર રોડ પર રહેતા શખ્સનું નામ આપ્યું હતું. પીસીબીના ઇન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયાની રાહબરી હેઠળ હેડકોન્સ. કિરતસિંહ, કરણભાઈ, કોન્સ. વાલજીભાઈ, સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો.

દરમિયાન મળેલી બાતમીના આધારે ભાવનગર રોડથી આજીડેમ ચોકડી તરફ આવતા રોડ પર એક શંકાસ્પદ રીક્ષા અટકાવી હતી. પોલીસે આ રીક્ષા નં. જીજે ૩ બીએક્સ ૮૨૧૬માં તપાસ કરતા તેમાંથી રૂપિયા ૧.૦૫ લાખની કિંમતનો ૭૮ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂના આ જથ્થા સાથે સતારશા કાદરશા સરવદી (રહે. ભવાની ચોક, ન્યુ સાગરનગર સોસાયટી શેરી નં. ૫, નંદા હોલ પાસે)ને ઝડપી લીધો હતો. તેની પૂછ્તાછ કરતા આ દારૂ શાહરૂખ નુરાભાઈ સરવદી (રહે. દૂધસાગર રોડ પંચાયત હોલની સામે હૈદરી ચોક મેઈન રોડ, રાજકોટ)એ આપ્યાનું કબુલતાં તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

આ ઉપરાંત ક્રાઈમ બ્રાંચે બીજો દરોડો મોટી ટાંકી ચોકમાં પાડ્યો હતો. મોટી ટાંકી ચોક બસ સ્ટેન્ડ પાસેના રોડ પરથી બે શખ્સો રોડસિંગ કેસરસિંહ સોલંકી (ઉ.વ ૪૭ રહે. સેમ, ખામનોર, રાજસ્થાન) અને ભગવાનદાસ કિશનદાસ રંગસ્વામી (ઉ.વ ૩૬ રહે. જારસદરી, નાથદ્વારા, રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેમની પાસેથી અલગ અલગ બ્રાન્ડનો રૂપિયા ૪૪,૮૦૦ નો દારૂનો જથ્થો કબ્જે કર્યો હતો. ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ એ. એસ. ગરચરની રાહબરી હેઠળ એએસઆઈ સમીરભાઈ શેખ, કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા, ધર્મરાજસિંહ રાણા, જીલુભાઈ ગરચર સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે આ કામગીરી થઈ હતી.

# શહેરમાં કોરોનાના સાત નવા કેસ સાથે કૂલ આંક ૧૭૨ થયો

## રિકવરીમાં વધારો થતાં આજ સુધીમાં ૧૧૪ દર્દી થયા સાજા, હોમઆઈસોલેટ કરેલા ૫૮ દર્દી સારવાર હેઠળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં પણ કોરોનાના કેસ વધી રહ્યાં છે. તંત્ર પણ આ આંકડા પર અંકુશ લાવવા માટે મહેનત કરી રહ્યું છે. પણ હજુ પણ જે માર્ગદર્શિકા અંગે રાહ જોવામાં આવી રહી છે તે મુજબ હજુ સુધી આ મામલે કોઈ પ્રકાશ પાડવામાં આવ્યો નથી. ત્યારે શહેરમાં એક માસના કોરોનાના કેસમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. વધુ ૭નવા કેસ આવતા કુલ કેસનો આંકડો ૧૭૨ પર પહોંચ્યો છે. પરંતુ રિકવરીમાં સતત વધારો થતાં આજ સુધીમાં ૧૧૪ દર્દી સાજા થયા છે. અને હાલ હોમઆઈસોલેટ કરેલા ૫૮ દર્દી સારવાર હેઠળ હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું છે. શહેરમાં કોરોનાના કેસમાં ઘટાડો જોવા મળ્યો હતો. ૨૪ કલાકમાં વધુ ૭ નવા પોઝિટિવ કેસ આવતા કુલ કેસનો આંકડો ૧૭૨ પર પહુંચ્યો છે. આજે આવેલા નવા કેસમાં વોર્ડ નં. ૯ કુવાડવા રોડ પુરુષ ઉ.વ. ૬૬ તથા યુનિવર્સિટી રોડ પુરુષ ઉં.વ. ૨૬, વોર્ડ નં. ૭ ઠક્કરબાપા વિસ્તાર મહિલા ઉ.વ.૬૧, વોર્ડ નં. ૧૦ કાલાવડ રોડ મહિલા ઉ.વ. ૪૪ તથા પુષ્કરધામ રોડ મહિલા ઉ.વ. ૪૭, વોર્ડ નં. ૧૧ જીવરાજપાર્ક પુરુષ ઉ.વ. ૧૩, વોર્ડ નં. ૩ પરસાણા નગર મહિલા ઉ.વ. ૪૪ સહિત સાત નવા પોઝિટિવ કેસ નોંધાયા છે.

આરોગ્ય વિભાગ દ્વારા નોંધાયેલા તમામ દર્દીને હોમઆઈસોલેટ કરી સારવાર આપવામાં આવી રહી છે. આજના કેસની ટ્રાવેલ્સ હિસ્ટ્રી ન હોવાનું તેમજ ઠક્કરબાપા વિસ્તારમાં આવેલ મહિલા ઉ.વ. ૬૧ને વેલ્ટીનેટર ઉપર રાખવામાં આવ્યા છે.

શહેરમાં કોરોનાનો પ્રથમ કેસ તા. ૧૯ મે ના રોજ આવેલ ત્યાર બાદ સતત કેસમાં વધારો જોવા મળ્યો હતો. એક સમયે ડબલ ડિઝિટમાં આવેલા કેસના વળતા પાણી થયા હોય તેમ આજે ફક્ત સાત કેસ નોંધાયા હતાં. જેના લીધે કેસનો કુલ આંકડો ૧૭૨ પર પહોંચ્યો છે. પરંતુ રિકવરી રેટમાં મોટો સુધારો નોંધાતા ફક્ત ૫૮ દર્દી સારવાર હેઠળ હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું છે. છતાં શહેરીજનોએ કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનો આરોગ્ય વિભાગે અનુરોધ કર્યો છે.

# ભારે વરસાદને પગલે તમામ જિલ્લા કલેક્ટરને એલર્ટ કરતા મુખ્યમંત્રી

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને કારણે અનેક સ્થળોએ પૂરની પરિસ્થિતિ નિર્માણ પામી છે ત્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ભારે વરસાદને ધ્યાને લેતા નાગરિકોના જાનમાલની રક્ષા અંગે પગલાં લેવા અંગે તમામ જિલ્લા કલેકટરોને જરૂરી સૂચનાઓ આપી હતી.


રાજ્યમાં ભારે વરસાદ અંગે હવામાન વિભાગની આગાહીને અનુલક્ષીને જરૂર જણાય ત્યાં તાત્કાલિક અસરથી લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવા અને વરસાદને કારણે ભરાયેલા પાણીના ઝડપી નિકાલ તેમજ વીજ અને ખાદ્ય પુરવઠો, આરોગ્ય અને જીવનરક્ષક દવાઓ સહિતની બાબતોમાં પૂરી સતર્કતા અને અગમચેતી સાથે સજ્જ રહેવા મુખ્યમંત્રીએ જરૂરી દિશાનિર્દેશ આપ્યા છે. સાથે જ મુખ્યમંત્રીએ નાગરિકોને ભારે વરસાદમાં રાખવાની સાવધાની, તેમજ નદી-નાળાના વહેતા અને ભયજનક પાણીમાંથી પસાર ન થવા અંગેની સૂચનાઓ પણ અવારનવાર નાગરિકોને સંબંધિત જિલ્લા તંત્ર દ્વારા આપવામાં આવતી રહે તેવી તાકીદ પણ જિલ્લા કલેકટરોને કરી હતી.

# જામનગરમાં મહિલા સંચાલિત જુગારધામ ઝડપાયું

## એલસીબીએ દરોડો પાડી ૪ જુગારીઓને ઝડપી લીધા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં તિરૂપતિ સોસાયટી શેરી નંબર ૬ જામનગર ખાતે મકાનમાં મહીલા સંચાલીત જુગાર ધામ ઝડપાયુ છે. જ્યાં જુગાર રમતા ૫ મહીલા અને ૪ શખ્સો સહિતના જુગારી ઝડપાયા હતાં જેના કબજામાંથી ૨૮ હજારની રોકડ, ૫૦ હજારની કિંમતના ૯ મોબાઇલ, બાઇક સહિત ૧.૨૮ લાખનો મુદ્દામલ કબજે કર્યો છે.



એલ.સી.બી. પોલીસે બાતમીના આધારે જામનગર શહેરમાં તિરૂપતિ સોસાયટી શેરી નંબર ૬ જામનગર ખાતે મકાનમા રેડ પાડી હતી. આ દરમિયાન મહીલા સંચાલીત જુગારધામ ઝડપાયું હતું. જેમાં પાંચ મહીલા તથા હિરેનભાઈ જેન્તીભાઈ કાછડીયા પટેલ ઉ.વ.૩૦ રહે.લાલપુર બાયપાસ મારૂતી નંદન સોસાયટી જામનગર, રવિભાઇ વજુભાઇ ગોહીલ ઉ.વ.૨૦ રહે.મહાકાળી સર્કલ જામનગર અને મયુરભાઈ જગુભાઈ ગોજીયા ઉ.વ.૨૫ રહે.યાદવનગર સિધ્ધેશ્વર મહાદેવના મંદિર પાસે જામનગર તથા દેવાયતભાઈ ભીમજીભાઈ વાઘેલા (ઉ.વ.૪૭ રહે.તીરૂપતી સોસાયટીની બાજુમા) પત્તા ફૂટતા ઝડપાયા હતા.પોલીસે જુગારનો અખાડો ચલાવતા રોકડ રૂ. ૨૮,૨૦૦ તથા ૯ મોબાઈલ, એક બાઈક મળી કિ. રૂ.૧,૨૮,૨૦૦ નો મુદામાલ કબજે કર્યો હતો.

# સિક્કામાં લોનના હપ્તા નહીં ભરી શકતા યુવાનનો આપઘાત

જામનગરમાં લોનના હપ્તા નહીં ભરવાના ચિતામાં એક મહિલાએ આપઘાત કર્યાનો કિસ્સો તાજો છે. તેવામાં વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં જામનગરના સિક્કામાં આવેલ શ્રીજી સોસાયટીમાં રહેતા ૨૮ વર્ષીય પરપ્રાંતીય યુવાને ઓનલાઈન લોન અને બાઈક લોન જેવી અલગ અલગ લોનના હપ્તા નહિ ભરી શકવાની ચિતામાં ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી છે. આ ઘટનાને પગલે પરિવારજનોમાં કરૂણ કલ્પાંત ફેલાયો છે. જામનગરના સિક્કા ખાતે ની શ્રીજી સોસાયટીમાં ભાડેથી રહેતા મૂળ પશ્ચિમ બંગાળના રહેવાસીએ મોત વ્હાલું કરી લીધું છે. સુશાંત નકુલ પટલા નામના ૨૮ વર્ષીય યુવાનની ઓનલાઇન લોન અને બાઈક લોન ચાલતી હતી. આ અલગ અલગ લોન ચાલુ હોવાને કારણે તે આર્થીત તંગી અનુભવતો હતો. લોન નહિ ભરી શકવાથી અને પૈસા ન હોવાથી ચિતા ઉપાધિમાં તેમને ગત તારીખ ૧૫ ના રોજ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું.

# જામનગરમાં મૈત્રીકરારથી સાથે રહેતા પુરૂષ મિત્રએ ખુરશી ફટકારતાં ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં મૈત્રી સબંધ વાત વાતમાં વણસી ગયાનો કિસ્સો સામે આવ્યો છે. નંદનવન સોસાયટીમાં મૈત્રી કરાર કરી પુરુષ મિત્ર સાથે રહેતી પરિણીતાને મિત્ર સાથે બોલાચાલી થઇ હતી. જેને ઉગ્ર રૂપ ધારણ કરી લેતા બબાલ થઈ હતી. યુવાને મહિલાને ખુરશી મારી દેતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. શહેરના રણજીત સાગર રોંડ પર નંદનવન પાર્ક શેરી નં-૦૭ મા રહેતા રીધ્ધીબેન રામદેવસિહ સોઢા અને તેના મિત્ર પારસગીરી રમેશગીરી ગોસ્વામી (રહે-નગર નાકુ બરસા પાડા ખંભાળીયા તા.ખંભાળીયા) વિવિ ત્યારે સાથે હતા આ દરમિયાન બંને વચ્ચે મજાક કરતા હતા આ દરમિયાન યુવાનને મશ્કરી પસંદ નહી આવતા તે એકદમ ઉશ્કેરાઈ ગયો હતો. જેમાં યુવાને મહિલાને ભુડી ગાળો બોલી ઝગડો કર્યો હતો. એટલું જ નહિ તેણીના ડાબા હાથમા ખુરશી મારી તથા શરીરે ઢીકા પાટુનો માર મારી ધમકી આપી હતી અને આજ તો તને જાનથી મારી નાખવી છે. તેમ કહી આરોપી ઘરેથી નાશી ગયો હતો. આ બનાવ અંગે તેણીને તેના ભાઈ અને ભાણેજને જાણ કરતા તેઓ આવી ગયા હતા અને તેણીને જીજી હોસ્પિટલમાં સારવાર અપાવી હતી. સારવાર લીધા બાદ રિદ્ધિબેને તેના આરોપી મિત્ર પારસ સામે સીટી એ ડીવીજન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલ વિગતો મુજબ મહિલા રિદ્ધિબેનના પતિ રામદેવસિહ સોઢા કોઈ કારણસર જેલમાં છે. દરમિયાન તેણીની તેના અઢી વર્ષના પુત્ર સાથે પુરુષ મિત્ર પારસ સાથે મૈત્રી કરાર કરી રહેતી હતી. સાથે સાથે રહેતા બંને પાત્રો વચ્ચે મસ્તી મસ્તીમાં ઝઘડો થયો હોવાનું સામે આવ્યું હતું.

## જાહેર નોટીસ

**શ્રી જામજોધપુરના મહે. એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં**

મેજી/જન્મ-મરણ/નોંધ/રજી.નં.૧૮૭/૨૦૨૫

હરદાસભાઇ અરભમભાઇ ઓડેદરા,
ઉ.વ.આ. ૫૮, ધંધો. ખેતી
રહે. પરડવા,
તા. જામજોધપુર, જી. જામનગર.

**વિરૂધ્ધ**

જન્મ-મરણ નોંધના રજી.શ્રી
તલાટી-કમ-મંત્રીશ્રી- પરવડા,
પરડવા ગ્રામ પંચાયત કચેરી,
તા. જામજોધપુર, જી. જામનગર.

**અરજદારના વિદ્વાન વકિલ શ્રી - વિજય આર. ત્રાંબડીયા**

**વિષયઃ જન્મ-મરણ નોંધણી અધિનિયમ - ૧૯૬૯ની કલમ ૧૩ (૩) હેઠળ મરણ નોંધ અંગેનો હુકમ થવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદાર - હરદાસભાઈ અરભમભાઈ ઓડેદરા, રહે. પરડવા, તા. જામજોધપુર, જી. જામનગર વાળાઓએ તેમના માતા સ્વ. પુરીબેન અરભમભાઈ ઓડેદરાનું મરણ તારીખ : ૦૮/૧૨/૧૯૯૨ ના રોજ ગામ પરડવા, તા. જામજોધપુર, જી. જામનગર મુકામે થયેલ હોવા અંગેની નોંધ સામાવાળા તેમના દફતરે કરી આપે તેવો હુકમ મેળવવા આ કોર્ટમાં અરજ કરેલ છે. વાસ્તે અરજદારની અરજી મંજૂર થવા સામે જે કોઈ વ્યકિત કે શખ્સને કોઈ વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ દૈનીક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયે દિન થી 30 દિવસમાં અત્રેની કોર્ટમાં સવારના ૧૧:30 કલાકે વાંધા રજુ કરવા જાતે અથવા વકિલ મારફતે હાજર રહેવું. અન્યથા કાયદેસરનો હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તારીખઃ ૧૨ મી, માહે, જુન - ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનું શીલ કરી આપ્યુ.

**(કે.સી. વાઘેલા)**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જામજોધપુર**

## જાહેર નોટીસ

**શ્રી જામજોધપુરના મહે. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં**

મેજી/જન્મ-મરણ/નોંધ/રજી.નં.૧૯૫/૨૦૨૫

ભીમજીભાઇ નારણભાઇ સાદરીયા,
ઉ.વ.આ.૮૧, ધંધો. ખેતી, ધર્મે. હિન્દુ,
રહે. વસંતપુર, ઠે. ગામતળ,
તા. જામજોધપુર, જી. જામનગર.

**વિરૂધ્ધ**

જન્મ-મરણ નોંધના રજી.શ્રી
તલાટી-કમ-મંત્રીશ્રી-વસંતપુર,
વસંતપુર ગ્રામ પંચાયત કચેરી,
તા. જામજોધપુર, જી. જામનગર.

**અરજદારના વિદ્વાન વકિલ શ્રી - વિજય આર. ત્રાંબડીયા**

**વિષયઃ જન્મ-મરણ નોંધણી અધિનિયમ - ૧૯૬૯ની કલમ ૧૩ (૩) હેઠળ મરણ નોંધ અંગેનો હુકમ થવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદાર - ભીમજીભાઈ નારણભાઈ સાદરીયા, રહે. વસંતપુર, તા. જામજોધપુર, જી. જામનગર વાળાઓએ તેમના પુત્ર અતુલભાઈ ભમજીભાઈ સાદરીયાનો જન્મ તારીખઃ ૦૧/૦૬/૧૯૬૭ ના રોજ ગામ વસંતપુર, તા. જામજોધપુર, જી. જામનગર મુકામે થયેલ હોવા અંગેની નોંધ સામાવાળા તેમના દફતરે કરી આપે તેવો હુકમ મેળવવા આ કોર્ટમાં અરજ કરેલ છે. વાસ્તે અરજદારની અરજી મંજુર થવા સામે જે કોઈ વ્યકિત કે શખ્સને કોઈ વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ દૈનીક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયે દિન થી 30 દિવસમાં અત્રેની કોર્ટમાં સવારના ૧૧:30 કલાકે વાંધા રજુ કરવા જાતે અથવા વકિલ મારફતે હાજર રહેવું. અન્યથા કાયદેસરનો હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તારીખઃ ૧૨ મી, માહે, જુન - ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનું શીલ કરી આપ્યુ.

**(કે.સી. વાઘેલા)**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જામજોધપુર**

# SMCના PI એ.વી. પટેલના માતા-પિતાની ઘરમાં ઘૂસીને ઘાતકી હત્યા

**બનાસકાંઠાના લાખાણી તાલુકાના જસરા ગામમાં બનેલી ઘટનાથી પોલીસ બેડામાં પણ ભારેઃ ગતરાત્રે ઘૂસેલા હત્યારાઓએ બન્નેનાં મોત નીપજાવી શરીરે પહેરેલા ઘરેણાં લૂંટી લીધાઃ ઘરમાં તિજોરી પણ તોડી, સવારે બન્નેના મૃતદેહ ખાટલા પર પડ્યા હતાઃ એસ.પી. સહિતના ઉચ્ચ અધિકારીઓ દોડી ગયાઃ પંથકમાં ભારે રોષ**



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યભરના પોલીસ ભેડાને હચમચાવી નાખે તેવી ઘટના બનાસકાંઠાના લાખાણી તાલુકાના જસરા ગામે ગતરાત્રે ઘટી હતી. સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)માં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા એ.વી. પટેલ (અજમલ વરઘાજી ચૌધરી-પટેલ)ના માતા-પિતાની ગતરાત્રીના ઘરમાં પૂસીને પાતકી હત્યા નિપજાવી લૂંટારાઓ લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતા. ડબલ મર્ડરના ચકચારી બનાવના પગલે એસ.પી. સહિતના ઉચ્ચ અધિકારીઓ, પોલીસનો કાફલો જસરા ગામે પહોંચ્યો હતો. જે રીતે પગ, કાન કાપી નખાયા તેના પરથી લૂંટના ઈરાદે હત્યા થયાની થિયરીના આધારે બનાસકાંઠા પોલીસે હત્યારાઓનું પગેરૂ શોધવા ધમધમાટ શરૂ કર્યો છે.

એસએમસીપીઆઈ એ.વી. ચૌધરીનું વતન જસરા ગામ છે. તેમના માતા-પિતા વતનમાં રહે છે અને ખેતીની દેખભાળ રાખતા હતા. ખેતી ભાગવામાં વાવવા રાખનાર ભાગીયો પરે સવારે જતાં બન્નેના ખાટલામાં લોહિયાળ મૃતદેહ પડયા હતા. દસ્યો જોઈને હતપ્રભુ બની ગયેલા ભાગીયાએ તુરંત જ ગામમાં અન્યોને જાણ કરી હતી. ગામના સરપંચ સહિતના દોડી આવ્યા હતા. તેમણે પીઆઈ એસ.પી. સહિતના ઉચ્ચ અધિકારીઓને જાણ કરતાં બનાસકાંઠા એસપી અક્ષયરાજ મકવાણા સહિતનો કાફલો જસરા ગામ દોડી આવ્યો હતો.

ગતરાત્રીના વૃધ્ધ દંપત્તી વરઘાજી મોતીજી ચૌધરી પત્ની હોથીજી વરઘાજી બન્ને સૂતા હતા. એ દરમિયાન રાત્રીના સમયે ઘરમાં ઘૂસેલા શખસોએ ભળેના ચહેરા શરીરના ભાગે તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી દીધા હતા અને ભગનેની હત્યા નિપજાવી હતી. હત્યામાં વૃધ્ધાના શરીરે પહેરેલા કડલા, બુંટીઓ સહિતના ઘરેણા ગાયબ હતા. લૂંટારાઓએ ઘરમાં પણ તિજોરી તોડી હતી. અંદરથી પર વસ્તુઓ લઈ ગયા હોવાનો પોલીસને અંદાજ છે. બનાવના પગલે પુત્ર પીઆઈ એ.વી. પટેલ સહિતના પણ પહોંચ્યા હતા. હત્યારાઓ સામે બનાસકાંઠા પોલીસે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.

હત્યા સંદર્ભે એ.સી. મકવાણાના કહેવા મુજબ જે રીતે હત્યા થઈ છે, શરીર પરથી પહેરેલા ઘરેણા ગાયબ થયા છે, ઘરેણા માટે શરીરના અંગ કાપી લેવાયા છે, ઘરમાં પણ તિજોરી તૂટેલી, વસ્તુઓ વેરવિખેર પડી હોવાથી લૂંટના ઈરાદે હત્યારાઓએ ઘરમાં ઘૂસીને હત્યા કરી હોય તેવું દેખાઈ રહ્યું છે. હત્યારાઓનું પગેરૂ મેળવવા માટે એલસીબી, એસઓજી તેમજ અન્ય પોલીસ ટીમો દ્વારા તપાસ આરંભાઈ છે. ડોગ સ્કવોડ, ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતોની મદદ લેવાઈ છે. જાણકારોના મત મુજબ જે રીતે પરેણા માટે વૃધ્ધાના કાન અને પગ કાપી નખાયા તેના પરથી આવું કૃત્ય એમ.પી. તરફની આદિવાસી ગેંગ કે આવા શખસો કરતા હોવાની શક્યતાઓ, આશંકાઓના આધારે આસપાસના ગામોમાં ખેતમજુરીમાં કામ કરતાં આવા આદિવાસી-શ્રમિકોની પણ તપાસ થઈ રહી છે.

# રાજકોટના બે યાત્રિકોના ડીએનએ હજુ પણ મેચ થયા નથી

**મુક્તાબેન ડાંગર, નરશીભાઈ સગપરીયાના પરિવારજનો ભારે હૈયે અમદાવાદમાં**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તા.૧૨ જૂને અમદાવાદથી મુંબઈ જતી એરઈન્ડિયાની ફ્લાઈટ અગનગોળો બની જતા આ ગોઝારી પ્લેન દુર્ઘટનામાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત પ્લેનમાં મુસાફરી કરી રહેલા ૨૪૧ યાત્રિકોના મૃત્યુ નિપજ્યા હતા. જો કે, ઘટનાના ૧૦૦ કલાક જેટલો સમય વીતવા છતાં હજુ પણ રાજકોટના એડવોકેટ તેમજ મહિલાના ડીએનએ મેચ થયા ન હોવાથી હજુ સુધી મૃતદેહ તેમના પરિવારને સોંપાયા નથી. બીજી તરફ બન્ને પરિવારના સ્વજનો હાલમાં અમદાવાદમાં મૃતદેહ સોંપવાનો ઈંતજાર કરી રહ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ તા.૧૨ જૂનના રોજ બપોરના સમયે અમદાવાદથી લંડન જતી એરઈન્ડિયાની ફ્લાઈટમાં ટેકિન્કલ ખામી સર્જાતા પ્લેન ટેકઓફ થતાની સાથે જ બી.જે.મેડિકલ કોલેજની હોસ્ટેલ અને મેસ ઉપર તૂટી પડતા આ દુર્ઘટનામાં પ્લેનમાં સવાર તમામ ૨૪૧ યાત્રિકો અને પ્લેનના પાઈલોટ તેમજ ક્રૂ મેમ્બરોના મૃત્યુ નિપજ્યા હતા. બીજીતરફ પ્લેન દુર્ઘટના બાદ લાખો લીટર ઈંધણને કારણે વિસ્ફોટ થતા મોટા ભાગના યાત્રિકોના મૃતદેહ પણ ઓળખી શકાય તેમ ન હોવાથી ડીએનએ ટેસ્ટ બાદ મૃતદેહોની સોંપણી કરવામાં આવી રહી છે. જેમાં સોમવાર સુધીમાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત કુલ ૧૧૯ ડીએનએ મેચ થતા ૭૬ મૃતદેહ તેમના સ્વજનનોને સોંપવામાં આવ્યા હતા.દરમિયાન પ્લેન દુર્ઘટનામાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી



ઉપરાંત રાજકોટના કાલાવડ રોડ ઉપર રહેતા એડવોકેટ નરશીભાઈ વેકરીયા તેમજ સામાકાંઠા વિસ્તારમાં રહેતા મુક્તાબેન ડાંગર પણ મુસાફરી કરતા હોય બન્નેના કરુણ મૃત્યુ નિપજ્યા હતા.

જો કે દુર્ઘટનાના ૧૦૦ કલાક બાદ પણ હજુ સુધી નરશીભાઈ વેકરીયા અને મુકતાબેનના ડીએનએ મેચ થયા ન હોવાથી તેમના સ્વજનો મૃતદેહ સોંપવાના ઈંતજારમાં છે. નોંધનીય છે કે, બન્ને મૃતકોના મૃતદેહ રાજકોટ લાવવા માટે લોધીકા અને કોટડા સાંગાણીના મામલતદારને ખાસ ફરજ સોંપવામાં આવી હોય બન્ને મામલતદાર પણ હાલમાં અમદાવાદ કહતે હોવાનું જાણવા મળે છે.

# ચુનારાવાડમાં પ્રેમિકા પાસે રાખડી બંધાવવાનું કહી યુવાન પર છરી-ધોકા વડે હુમલો

**ભાઈની પત્નિને ભગાડી જવા મામલે હુમલોઃ મશ્કરી કરવાની ના કહેતાં કેટરર્સ કર્મચારીને યુવતિએ છરી ઝીંકી દીધી**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જુદા જુદા કારણોસર બટાઝટીની ત્રણ ઘટના બની હતી. ચુનારાવાડ શેરી નં. ૨માં રહેતાં અને કારખાનામાં મજૂરી કરતાં પરાગ વિજયભાઈ બાવળીયા નામના અઠ્ઠાવીસ વર્ષના યુવાન પર રાત્રીના અગિયારેક વાગ્યે તે ઘર પાસે હતો ત્યારે બાલી, સૂરજ, ભેંસ સહિતના શખ્સોએ હુમલો કરી ઢીકાપાટુનો માર મારી તેમજ છરી, ધોકાથી ઈજા કરતાં લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરાગે જણાવ્યું હતું કે બાલીને મારા વિસ્તારની કોઈ યુવતિ સાથે લફરૂ છે. આ યુવતિ સાથે મારે પણ લફરૂ હોવાની તે શંકા કરતો હતો. હતો. પરંતુ હકિકતે હકિકતે મારે એવુ કંઈ નથી. આમ છતાં બાલી સહિતનાએ રાતે મારા ઘર પાસે આવી



આ બાબતે ઝઘડો કરી કહ્યું હતું કે તારે જો એની સાથે કંઈ ન હોય તો તું તું તેના હાથે રાખડી બંધાવી લે. મેં આવુ કરવાની ના પાડતાં બાલી સહિતનાએ ઝઘડો કરી હુમલો કર્યો હતો.હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ધોરાળા પોલીસે પરાગના આક્ષેપો અંગે તપાસ હાથ ધરી હતી.

બીજા બનાવમાં રનવા થોરાળા ટ્રેકટર ચોકમાં રહેતાં ચોવીસ વર્ષના અનિલ દિલીપભાઈ મકવાણાને રાતે બારેક વાગ્યે ઘર પાસે હતો ત્યારે આ વિસ્તારના રવિ ઉર્ફ કાગડી અને અજાણ્યાએ આવી ઝપડો કરી છરી, ધોકાથી ઘાયલ કરતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરી હતી. અનિલે કહ્યું હતું કે મારા નાના ભાઈ સંજયની ઘરવાળીને રવિ ઉર્ફે કાગડીનો ભત્રીજો સાહિલ ભગાડી ગયો હોઈ આ બાબતે મેં તેને વાત કરી ઠપકો આપ્યો હોઈ ખાર રાખી મારા ઘર પાસે આવી હુમલો કર્યો હતો. ત્રીજા બનાવમા જામનગરમાં રહેતો અને રાજકોટમાં કેટરર્સનું કામ કરતો વીસ વર્ષનો મીત ભુપેન્દ્રભાઈ સુખડીયા માધાપર ચોકડી ઓવરબ્રીજથી બજરંગ વાડી તરફના રસ્તે હતો ત્યારે સોનાલી અને સાથેના શખ્સોએ તિક્ષ્ણ હથીયારથી માર મારી લોહીલુહાણ કરી નાખતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી. મીતે કહ્યું હતું કે રાતે કેટરર્સના કામેથી જતી વખતે સાથે કામ કરતાં સોનાલી સહિતના ગાળો દઈ મારી મશ્કરી કરતાં હોઈ ના પાડતાં મારામારી કરી હતી. ગાંધીગ્રામ પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

# ભાઈની પત્ની ભાગી જતાં શોધવા નીકળેલા યુવક પર આજી નદીના કાઠે હુમલો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

થોરાળામાં આવેલા ટ્રેકટર ચોક પાસે રહેતાં અનિલ દિલીપભાઈ મકવાણા (ઉ.૨૪) પોતાના ઘર પાસે હતો ત્યારે રાત્રીના સમયે રવિ ઉર્ફે કાગડી સહિતના શખ્સોએ ઝઘડો કરી છરી અને ધોકા વડે હુમલો કર્યો હતો. યુવકને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડાયો હતો.

પ્રાથમિક પુછપરછમાં હુમલાખોર રવિ ઉર્ફે કાગડીનો ભાઈ સાહિલ અનિલ મકવાણાના નાના ભાઈ સંજય મકવાણાની પત્ની આરતીબેનની ગઈકાલે ભગાડી ગયો હતો. જે મુદ્દે પુછપરછ કરવા જતાં હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત બીજા બનાવમાં જામનગરમાં રહેતો મિત ભુપેન્દ્રભાઈ સુખડીયા (ઉ.૩૦) રાત્રીના નવેક વાગ્યાના અરસામાં માધાપર ચોકડી નજીક હતો ત્યારે તેની સાથે કેટરર્સમાં કામ કરતાં શખ્સોએ મશ્કરીમાં ગાળો ભાંડી હતી. જેથી મિત સુખડીયાએ ગાળો દેવાની ના પાડતાં સોનાલીબેન સહિતના શખ્સોએ તિક્ષ્ણ હથિયાર વડે માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડાયો હતો. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કાંગશીયાળી ગામની સીમમાં ૮૬૦૦૦ના ગાંજા સાથે રસુલપરાની મહિલા ઝડપાઇ

**શાપર-વેરાવળ પોલીસે બાતમીના આધારે મહિલાને દબોચી લઇ આઠ કિલો ગાંજાનો જથ્થો કબ્જે કર્યો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર-વેરાવળની આસપાસના ઉદ્યોગીક વિસ્તારમાં પરપ્રાંતિયો ગાંજાનું સેવન કરતા હોય અને આવા નશેડીઓને ગાંજાનો જથ્થો પહોંચાડતા શખ્સો સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે ત્યારે શાપર-વેરાવળ પોલીસે કાગશીયાળી ગામની સીમમાં માલધારી ચોક પાસેથી રસુલપરાની મહિલાને ૮૬૦૦૦ના ગાંજાના જથ્થા સાથે દબોચી લઇ વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ માદક પદાર્થની હેરાફેરી કે વેંચાણની પ્રવૃતિ અટકાવવા ઉચ્ચ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી સુચનાને પગલે શાપર-વેરાવર પોલીસ મથકના પીઆઇ આર.બી.રાણાના માગદર્શન હેઠળ પીએસઆઇ વી.જી.જેઠવા, એએસઆઇ મયુરસિંહ, દિવ્યરાજસિંહ, હેડ કોન્સ. તુષારસિંહ, મહેન્દ્રભાઇ સહિતનો સ્ટાફ ઉદ્યોગીક વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, કોઠારીયા સોલવંટ પાસે રસુલપરા શેરી નં.૧૭માં રોશની મેડિકલની બાજુમાં રઝાકભાઇના મકાનમાં ભાડે રહેતી કરીન ઉર્ફે ફરીદા કરીમભાઇ શાહમદાન નામની મહિલા ગાંજાનો જથ્થો આપવા આવવાની હોવાની હકિકત મળતા પોલીસે કાગશીયાળી ટીમમાં વોચ ગોઠવી



હતી. તે દરમ્યાન માલધારી ચોકથી રાજકોટ જતા નેશનલ હાઇવે રોડ પર સૌરાષ્ટ્ર હોટલ પાસેથી આ મહિલાને પોલીસે દબોચી લઇ તેની પાસેથી ૮ કિલો ૬૩૮ ગ્રામ ગાંજાનો જથ્થો કિંમત રૂ.૮૬૩૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી મહિલાની ધરપકડ કરી ગાંજાનો જથ્થો કયાં થી લાવી અને કોને આપવાનો હોય તે દિશામાં પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# સુખસાગર સોસાયટીમાં કાચ તોડવાની ઘટનામાં યુવકને ધમકી આપી

**જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યાની ફરીયાદ નોંધાવી એક ની ધરપકડ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભગવતીપરા સુખસાગર સોસાયટીમાં રહેતા ચીરાગભાઈ દલાભાઈ વાઘેલા (ઉ.વ.૨૮)ને પાડોશીમાં રહેતા ઈમ્તિયાઝ ઈબ્રાહીમ મુકાશરા, ઈમ્તિયાઝના પત્ની અને ઈમ્તિયાઝનો નાનો ભાઈ જાહિદની ઘર પાસે પાર્કિંગ કરેલી કારના છેતરપીએ ગાળો આપતા બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. ચિરાગભાઈએ જણાવ્યું છે કે,હું કેસરી પુલ પાસે લક્ષ્મી ડ્રાયવિંગ સ્કૂલ નામની ડ્રાયવિંગની સ્કૂલ ચલાવું છું. ગઈકાલ તા.૧૪/૦૬નાં રાત્રીનાં બારેક વાગ્યાનાં અરસામાં લાઈટ ન હોય જેથી હું તથા પરિવારનાં સભ્યો ઘરની આગળ બેઠા હતા તે દરમ્યાન રાત્રીનાં સવા બારેક વાગ્યાનાં સુમારે અમારી બાજુની અંબીકાપાર્ક સોસાયટી શેરી નં.-૦૧ માં રહેતા આ ઈમ્તિયાઝભાઈ તથા તેના પત્ની તથા તેનો ભાઈ જાહીદ જેની સાથે એક સ્ત્રી હતી.તે બધા ત્યાં આવેલ અને આ બંને ભાઈઓએ અમને કહેલ કે મારી ગાડી મારા ઘર પાસે પડી હતી. તેનો કાચ તમારા જ સમાજના કોઈ વ્યક્તીએ તોડી નાખેલ છે તે વખતે અમોએ આ લોકોને જણાવેલ કે અમને આ બાબત તેની ખબર નથી જો તમને આ કાચ કોણે તોડયો છે તેની માહીતી હોય તો અમને કહો જો અમારા સમાજનો હશે તો અમે તેને લઇ આવી તે વખતે જાહીદે અમને ધમકાવતા કહેલ કે તારો બાપ તમારા સમાજનો આગેવાન છે હું કંઈ જાણું નહી ગમે ત્યાંથી એને હાજર કરો નહી તો તમને લોકોને અહિં રહેવા દઈશું નહી. તેમ કહી બંને ભાઇઓ ગાળા ગાળી પર ઉતરી ગયેલ ત્યારબાદ આ વિશે પણ અભદ્ર ટીપણી કરતા બોલેલ કે સવાર સુધીમાં જો આ છોકરો હાજર ન થયો તો તમારા બધનાં મકાન ખાલી કરાવી નાખીશ. તેવી ધમકીઓ આપવા લાગેલ અને તેઓ જોર જોરથી ગાળાગાળી કરતા હોય અમારી આસપાસ ના અમારા સમાજના તથા અન્ય લોકો પણ એકત્ર થઇ ગયા હતા.બાદમાં ત્યાં રહેતા છેન શેરીમાં રહેલ રખડતા કુતરાનાંલ પોતાના ઘરે જતા સમયે આ ઈમ્તિયાઝને એવું લાગેલ કે મોનિકાબેન કંઇક જાણે છે અને તેથી પોતે ભાગી રહી છે તેમ સમજી તેમની સાથે ઝઘડો કરવા લાગેલ અને તેમને પણ કહેવા લાગેલ કે તું કં કાચ તું કંઇક જાણે છે કોણે મારી ગાડીના તોડયા છે તે કહી દે નહી તો જોવા જેવી થશે તેવું તેમને કહી આડેધડ ગાળો દેવા લાગેલ તેમજ આરોપીઓ પાસે હાથમાં હથિયાર હતા.આરોપીઓ બોલતા હતા કે તમારે જવાબ આપવો છે કે આજે તમારો હિશાબ કરી દઇ. આવી ધમકીઓ આપવાનું ચાલુ હતું.ત્યાં પોલીસ આવી જતા ઈમ્તિયાઝને પકડી લીધો હતો.

# રોયલ પાર્કમાં પરણીતાને ઘરની વાત પીયરમાં કહેતી નહી નહીંતર તારા પર તાંત્રીક વિધી કરી નાખવાની આપી ધમકી

**પરણીતાએ સાસરીયા પક્ષના ૮ વ્યકિત સામે નોંધાવી ફરીયાદ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પરના રોયલ પાર્કમાં માવતરને ત્યાં રહેતી નિરાલીબેન નામની ૨૯ વર્ષની પરિણીતાએ પતિ હિમાંશુ, સસરા સુરેશભાઈ વસંતરાય વસંત, સાસુ સીમાબેન, દિયર કિશન (રહે. બધા ગીતાનગર, ઢેબર રોડ), મામાજી જયેશભાઈ કાનાબાર, મામીજી નિરાલીબેન (રહે. બંને સુરત) સહિત આઠ સાસરિયાઓ વિરૂધ્ધ મહિલા પોલીસમાં ત્રાસ અને દહેજની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી છે. લગ્નના દોઢેક મહિના બાદ પતિ સાથે દુબઈ હનિમુન કરવા ગઈ હતી ત્યારે એરપોર્ટ ઉપર તે મહિલાનો વિડિયો ફોલ આવ્યો હતો. બાદમાં પતિએ તેની સાથે ઝગડો કર્યો હતો. તે મહિલાને કારણે પતિ સાથે




અવાર-નવાર ઝગડા થતા હતા. એક દિવસ ઝગડો થતાં પતિએ બધી વસ્તુઓ ફેંકી હતી. જેને કારણે તેના પગમાં ઈજા થતાં સર્જરી કરાવવી પડી હતી. પતિ કહેતો કે માનસિક ત્રાસ બાબતે તારા પિયરવાળાને જાણ કરીશ તો હું સ્યુસાઈડનું નાટક કરીશ અને તારા પિયરવાળાના નામ લખી નાખીશ. સાસુ-સસરા પણ તેના પતિનો પક્ષ લેતા હતા. દિયરની સગાઈ હતી ત્યારે તેને પતિ સાથે માંડવામાં બેસવાનું હતું. તે વખતે સાસુ-સસરાએ તેના પિયર પક્ષને કહ્યું કે નિરાલીને બે સોનાની લગડી અને પાંચ લાખ રૂપિયા આપવા પડશે. સાસુ-સસરા અવાર-નવાર છે.

કહેતા કે તારા લગ્ન તો અમે સમાજ માટે કર્યા છે. ઓર્થોપેડિક ડોકટર દિયર અમદાવાદી શનિ-રવિની રજામાં આવતો હતો અને તેને કહેતો હતો કે હું હાડકાનો ડોકટર છું, જેથી શરીરમાં કયા પોઈન્ટથી શું થાય છે મને તેની ખબર છે, તમે સુતા હશો ત્યારે હું કોઈ પોઈન્ટ દબાવી દઈશ. આ રીતે તેને મારી નાખવાની ગર્ભિત ધમકી આપતો હતો, સાથો-સાથ છૂટાછેડા લઈ લેવાનું પણ કહેતો હતો. મામાજી અને મામીજી તેની સાસુને અવાર- નવાર તેના વિરૂધ્ધ ચડામણી કરતા હતા. એટલું જ નહીં મામાજી કહેતા કે હું તાંત્રિક વિદ્યા જાણું છું, અમારી કોઈ વાત તારા પિયરવાળાને કહેતી નહીં, બાકી હું બધા ઉપર તાંત્રિક વિધી કરીશ. આજ રીતે નાનીજી વિરૂધ્ધ પણ ફરિયાદમાં ચોંકાવનારા આક્ષેપો કર્યા

# ગણેશનગર માં એન્ટીક વસ્તુ ખરીદવા આવેલ શખ્સે વેપારીને ઝીંકી છરી

**નાણા ન આપી બોલાચાલી કરતાં પોલીસે પકડી લીધો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જુના મોરબી પર એન્ટિક વસ્તુઓ વેંચતા વેપારીના ઘરે એક શખ્સે આવી વસ્તુઓ ખરીદવા અને પેમેન્ટ બાબતે આરોપીએ છરી બતાવી મારી નાખવાની ધમકી આપી ભાગવા જતા પોલીસે આરોપીનો પીછો કરી ઝડપી લીધો હતો.આ મામલે બી ડીવીઝનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. વધુ આ અંગેની માહિ-તી મુજબ મોરબી રોડ ગણેશનગર પાસે રહેતા હેમરાજ ભાઈ ભોજરાજભાઈ ધોલીયા (ઉ.વ.૪૭)એ ફરિયાદમાં મહેશ દેવજી પુરબીયાનું નામ આપતા પોલીસે તેની પર ગુનો નોંધયો છે.હેમરાજભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું જુની એન્ટીક વસ્તુની લે-વેચનો વેપાર કરુ છું.ગઈકાલ રવિવારે બપોરના બે

વાગ્યાની આસપાસ હું મારા ઘરે હતો ત્યારે બે અજાણ્યા વ્યક્તિઓ મારા ઘરે આવેલ અને મને કહેવા લાગેલ કે મને જુની એન્ટીક વસ્તુઓ ખરીદવાનો શોખ છે અને મને બધી વસ્તુઓ બતાવો તેવુ કહેલ જેથી મે કહેલ કે પહેલા મને પેમેન્ટ કરાવો પછી હું વસ્તુ બતાવુ તો તેમાનો એક ઇસમ ત્યાથી જતો રહેલ અને કહેલ કે મારે કામ છે હું જાવ છુ તેવુ કહી એક જતો રહેલ અને બીજા વ્યક્તિ એ મને ક હેલ કે તમે ચેક લાવો હું તમને ઓનલાઇન પેમેટ કરાવી આપુ તેમ કહી તેને મારા ચેકનો ફોટો પાડીને તેના મીત્રને મોકલી અને મને કહેલ કે તમારા ખાતામાં હુ ઓનલાઇન પેમેન્ટ કરાવુ છું. તેવુ કહી તેના મીત્રને તે કોલ કરવા લાગેલ અને તેનો મીત્ર કહેતો હોય કે ટાવર નથી આવતો તેમ કરતા કરતા બે-અઢી કલાક જતી રહેલ જેથી મે તેને કહેલ કે હવે અત્યારે તમે જાવ રોકડા જ લઈને આવજો પછી હુ તમને વસ્તુ આપીશ તેવુ કહતા આ વ્યક્તિ ત્યાથી જતો રહેલ અને હુ નાવા જતો રહેલ જે બાદ થોડીજ વારમાં આ વ્યક્તિ પરત આવેલ અને મને કહેવા લાગેલ કે મારુ ચાર્જર અહીં રહી ગયેલ છે તે લાવો તેમ કહેતા મે તેને કહેલ કે તમે ચાર્જર કાઢ્યુ જ નથી તમે મારા ચાર્જરમાંથી ચાજીર્ગ કરતા હતા તેમ કહી આજુ બાજુમા જોવા લાગેલ અને મારી સાથે બોલાચાલી કરવા લાગ્યા હતા અને તે દરમ્યાન આ અજાણ્યા ઇસમે તેની પાસેના બેગમાંથી છરી કાઢી મને બતાવી કહેલ કે વસ્તુ આપી દે અને ખોટા દેકારા કરતો નહી નહીતર છરીના ઘોદા મારી દઇશ તેમ કહી ધમકી આપતાં મે અવાજ કરેલ જેથી આજુ બાજુના લોકો આવી જતા આ શખ્સ ત્યાથી જતો રહેલ જે થી મે ૧૦૦ નંબરમાં કોલ કરેલ અને મારુ એક્ટીવા લઈ મે તેનો પીછો કર્યો જે દરમ્યાન પોલીસની ગાડી આવી અને પોલીસની ગાડીએ તેનો પીછો કરી તેને પકડી લીધેલ અને તેને અહીં પોલીસ સ્ટેશને લાવેલ અને તેનુ નામ-ઠામ પુછ્તા પોતાનુ નામ મહેશભાઈ દેવજીભાઈ પોરબીયા જણાવતો હોય તેમના વિરુદ્ધ બી ડિવિઝનમાં ફરિયાદ નોંધાઈ હતી.

# ગોંડલની મુરલીધર સોસાયટીમાં છ જુગારીઓ ઝડપાયા

**રૂ.૧,૨૯,૫૦૦ નાં મુદ્દામાલ એલસીબી પોલીસે જપ્ત કર્યો**

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ માં માલધારી હોટલ પાછળ મુરલીધર સોસાયટી માંથી ૬(છ) જુગારીઓ ને જુગાર રમતા કુલ રૂ.૧,૨૯,૫૦૦ ના મુદ્દામાલ સાથે એલસીબી પોલીસે જડપી લઈ કાર્યવાહી ખાના હાથ ધરી હતી. એલ.સી.બી શાખાના પો.ઈન્સ. વી.વી.ઓડેદરાનાં માર્ગદર્શન હેઠળ એલ.સી.બી શાખાના પો.સબ.ઈન્સ. એચ.સી.ગોહીલ સ્ટાફના ઇન્દ્રસિંહ જાડે જા, જયવિરસિંહ રાણા,બાલકૃષ્ણ ત્રિવેદી, અનિલભાઈ ગુજરાતી સહિત પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલ હકિકત નાં આધારે ગોંડલ નેશનલ હાઈવે માલધારી હોટલ પાછળ મુરલીધર સોસાયટી માં વિપુલભાઈ જમનભાઈ ગજેરા ના ભાડાના રહેણાંક મકાન માં જુગાર રમી રહેલા વિપુલભાઈ જમનભાઈ ગજેરા રહે. ગોંડલ નેશનલ હાઇવે માલધારી હોટલ પાછળ મુરલીધર સોસાયટી ખોડાભાઈ સાવલીયા ના મકાનમાં ભાડે થી



મૂળ. ગામ.ચોકલી તા. જી. જૂનાગઢ, નિલેશભાઈ ભોગીભાઈ બોરિયા રહે. ગોંડલ, પરાગભાઈ જેન્તીભાઈ ગજેરા રહે. રામોદ, વિવેકભાઈ વિજયભાઈ અપારનાથી રહે. રામોદ હરેશભાઈ જેરામભાઈ ઠુંમ્મર રહે.ચરખડી તથા મેહુલભાઈ ઉર્ફે ઘુસો જેરામભાઈ ઠુંમ્મર રહે. ચરખડી વાળાને રોકડા રૂ.૪૯,૦૦૦ મોબાઇલ ફોન નંગ-૦૬ કિ.રૂ.૩૦,૫૦૦ તથા બે વાહન કિ.રૂ.૫૦,૦૦૦ સહિત નાં મુદ્દામાલ સાથે જડપી લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

# આશાપુરાનગરમાં રાજપૂતાના સાડીમાંથી પર્સ ચોરાયું

**દૂકાનદાર મહિલાનો મોબાઇલ, રોકડ, ડોક્યુમેન્ટ ગયાઃ પોલીસે ઝડપી લેવા કાર્યવાહી કરી**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચોરીનો વધુ એક બનાવ પોલીસ ચોપડે જાહેર થયો છે. કોઠારીયા રોડ આશાપુરાનગરમાં આવેલી સાડીની દુકાનમાંથી રોકડ, મોબાઈલ ફોન, ડોક્યુમેન્ટ સાથેનું પર્સ ચોરાઈ ગયું છે. આ બનાવમાં ભક્તિનગર પોલીસે હરિધવા રોડ પર સુખરામ સોસાયટી સંદલ ચોક ચામુંડા નિવાસ ખાતે રહેતાં અને ઘર નજીક પટેલ ચોકમાં ૪૫ માતાજી ઓટો પાર્ટસ નામે ફોરવ્હીલ પાર્ટસની દુકાન ચલાવતાં મિતેષભાઈ દિનેશભાઈ ઈડાની ફરિયાદ પરથી એફઆઈઆરબ દાખલ કરી છે. આ બનાવ અંગે મિતેષભાઈએ જણાવ્યું છે કે મારી બીજી દુકાન કોઠારીયા રોડ આશાપુરાનગર-૧૬/૧૭ના ખુણે છે. આ દુકાનનું નામ રાજપુતાના સાડી નામથી છે, જે દુકાન મારા મમ્મી દક્ષાબેન ચલાવે છે. મારા મમ્મીએ મને ફોન કરી કહેલુ કે આપણી રાજપૂતાના સાડીની દુકાનમાંથી મારું પર્સ ચોરાઈ ગયું છે.

જેમાં મારો મોબાઈઈલ ફોન રૂા. ૧૫૪૯૦નો તથા જરૂરી ડોક્યુમેન્ટ અને રોકડા બે હર હતાં. મેં ગૂમ થયેલા ફોનમાં નંબર ડાયલ કરતાં તે સ્વીચ ઓફ હતો. શોધખોળ બાદ અમે પોલીસને જાણ કરી હતી. હેડકોન્સ. પી. એન. ગોહિલે ફરિયાદ દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

# વિજયભાઇના પાર્થિવદેહને રાજકીય સન્માન સાથે ગાર્ડ ઓફ ઓનર અપાયું

**નિવાસસ્થાને પુષ્પાંજલિ, ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમયાત્રા નીકળી અસંખ્ય લોકો હિબકે ચડ્યા**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના પાર્થિવદેહને તેમના નિવાસસ્થાન પ્રકાશ સોસાયટીમાં લવાયો હતો. ત્યાં પોલીસ ટીમ દ્વારા રાજકીય સન્માન સાથે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. ત્યારબાદ અંતિમયાત્રાનું રામનાથપરા સ્મશાન ગૃહ માટે પ્રયાણ થયું હતું. ગાર્ડ ઓફ ઓનર અપાયા બાદ ખાસ તૈયાર કરાયેલી અંતિમવાહિનીમાં પાર્થિવદેહને મુકવામાં આવ્યો હતો. નિવાસસ્થાનેથી અંતિમયાત્રા નીકળી હતી. નિર્મલા રોડથી રામનાથપરા સ્મશાન ગૃહ સુધીના રૂટ પર અસંખ્ય લોકો ઝરમર વરસાદ સાથે રસ્તા પર હતા અને પુષ્પાંજલિ સાથે હિબકે ચડેલા દેખાયા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# અશ્રુભીની આંખે રાજકોટના પનોતા પુત્રને આખરી વિદાય...

## ૧ લાખથી વધુ લોકો વિજયભાઇ રૂપાણીની અંતિમયાત્રામાં ઉમટયાઃ ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, રાજયપાલ આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય મંત્રી મનસુખભાઇ માંડવીયા, ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સહિતના દિગ્ગજોએ આપી શ્રધ્ધાંજલીઃ વરસતા વરસાદ વચ્ચે અંતિમ દર્શન માટે લાગી કતારોઃ રમનાથપરા સ્મશાન ખાતે અપાયો અગ્નિદાહ











તસવીર - અહેવાલ
આનંદ જાવીયા

















**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ગઈકાલે રાજકોટમાં જેટલી મેઘવર્ષા થઈ તેટલીજ અશ્રુવર્ષા પણ થઈ હતી અને એ આંસુ વહ્યા રાજકોટના પનોતા પુત્ર અને ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અંતિમ દર્શન માટે ઉમટેલી માનવ મેદની ગુજરાતના દિવંગત ને અત્યાર સુધીમાં અપાયેલી સૌથી ભવ્ય અને લાગણીસભર વિદાય હતી.

અમદાવાદની વિમાની દુર્ઘટનામાં દિવંગત થયેલા પુર્વ મુખ્યમંત્રી સ્વ.વિજયભાઈ રૂપાણીને રાજકોટએ વરસતા વરસાદમાં માર્ગની બંને તરફ ૧ લાખથી વધુ લોકોએ એકત્ર થઈને તથા લાંબા રૂટ પર પગપાળા ચાલીને અંજલી આપી હતી તે તેમાં રાજયપાલ આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ, ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી તથા ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, ભાજપના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ.સંતોષ તથા રાજયના મંત્રીઓ અને ભાજપ અગ્રણીઓ તથા સમાજના દરેક વર્ગના લોકો આ અંતિમ વિદાય માનમાં જોડાયા હતા.

રાજકોટ શહેર ભાજપમાં સ્વ.વિજયભાઈ રૂપાણી એક મેન્ટર જેવા બની રહ્યા. ખાસ કરીને બીજી પેઢીના નેતૃત્વના ઘડતરમાં તેમનો ફાળો એટલો જબરો હતો કે જેના કારણે રાજકોટ શહેર ભાજપ એ ગુજરાત ભાજપનું પાવર હાઉસ બની રહ્યુ હતુ.

ગઈકાલે આ પાવરહાઉસના સભ્યો જેઓ સ્વ.રૂપાણી પરિવાર સાથે જેનો નાતો અતૂટ અને સ્નેહસભર રહ્યો છે તે નીતીનભાઈ ભારદ્વાજ એ પુરી અંતિમયાત્રામાં સતત છેક છેલ્લે સુધી આગળ ચાલીને વ્યવસ્થા કરી હતી.

તો ધનસુખભાઈ ભંડેરીએ સ્વ.ના ઘર તથા અંતિમદર્શન માટેની તમામ વ્યવસ્થા જોઈ હતી અને તેની સાથે કમલેશ મીરાણી, કશ્યપ શુકલ, ભાજપ શહેરના પુર્વ પ્રમુખ મુકેશ દોશી, વર્તમાન પ્રમુખ માધવ દવે અને મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા જોડાયા હતા.

ગઈકાલે રાજકોટમાં યોજાયેલી અંતિમ યાત્રા જયારે સ્વ.ના નિવાસે પહોંચી પછી પ્રકાશ સોસાયટીના મહાદેવ મંદિરના પ્રાંગણમાં સ્વ.ના પાર્થિવ દેહને દર્શન માટે રખાયો હતો. આ બાદ અંતિમયાત્રા પુર્વે રાજયના પોલીસદળ દ્વારા સ્વ.ને ૨૧ ગનથી સેલ્યુટ અપાઈ હતી.